**૧૮મા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૩૪**
**નેગો.ઈ.એકટ કોર્ટ, અમદાવાદ .**

---

*ફોજદારી કેસ નંબર :૧૫૫૯૨૩/૨૧*

## *આંક–૧ તળે હુકમ :*

ફરીયાદપક્ષે રજુ હાલની પુરસીસ તા. ૭.૨.૨૦૨૫ વંચાણે લીધી. કેસનું રેકર્ડ વંચાણે લીધું.

આ કામે કેસની હકીકત વંચાણે લેતા, હાલની ફરીયાદ યશ બેંક લીમીટેડના ઓથોરાઈઝડ પર્સન ઘ્વારા આ કામના આરોપીઓ વિરુઘ્ઘ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરવામાં આવેલ હતી. આ કામે ફરીયાદપક્ષે હાલની પુરસીસ વંચાણે લેતા ફરીયાદી બેંક ઘ્વારા લોન પોર્ટફોલીયો એસેટસ કેર એન્ડ રીકન્સ્ટ્રકશન એન્ટરપ્રાઈઝ લમીટેડ ને તા. ૧૩.૧૨.૨૦૨૪ ના રોજ વેચાણ (સોલ્ડ) કરવામાં આવેલ છે. અને તેઓ ઘ્વારા સદર પોર્ટફોલીયો જે.સી. ફલાવર્સ એસેટ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લીમીટેડને હેન્ડઓવર કરેલ છે. તેથી ફરીયાદી કંપની આરોપી પાસેથી હાલના તકરારી ચેકની રકમનુ લેણુ વસુલ કરવા માટે હકકદાર રહેતી નથી તથા આ કામે તા. ૮.૧.૨૦૨૫ ના રોજ ફરીયાદી કંપનીએ એડવોકેટને છુટા પણ કરેલ છે તેમ છતાં સદર ફરીયાદ આગળ ચલાવવા માટે એસેટસ કેર એન્ડ રીકન્સ્ટ્રકશન એન્ટરપ્રાઈઝ લમીટેડ તરફથી કોઈ ઓથોરાઈઝડ પર્સન કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા માટે હાજર રહેલ નથી કે મુદતે કોઈ અરજી પણ રજુ કરેલ નથી જેથી તેવા સંજોગોમાં પ્રોસીકયુશનના અભાવે હાલનો કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં ફરીયાદીને કોઈ રસ ન હોય તેવુ કેસના રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

વધુમાં, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામારેડ્ડી, (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે ઘ્યાને લેતાં તથા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તારીખ ૧૮.૦૧.૨૦૧૦ નો ચુકાદો ઘ્યાને લેતાં પણ આ કામે ફરીયાદીને હાલનો કેસ આગળ ચલાવવામાં રસ ન હોવાનુ જણાઈ આવતુ હોય પ્રોસીકયુશનના અભાવે હાલનો કેસ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આ કામે આરોપી/આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૫, માહે– ફેબ્રુઆરી, સને ૨૦૨૫ ના રોજ વાંચી સભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૧૫/૦૨ /૨૦૨૫

**(પી. જે. ચૌધરી )**
૧૮મા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૪
અમદાવાદ સીટી. (જીજે–૦૧૦૩૨)